ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



ગુતાલ એમપી વસાહતમાં રહેતા ૧૨૦૦ લોકો પાયાની સુવિધાથી વંચિત

## વાઘોડિયામાં કાદવ-કીચડ અને ગંદકીમાંથી પસાર થઈ અંતિમયાત્રા

**ચોમાસામાં** સ્મશાનનો રસ્તો બન્યો નર્ક, વાયરલ વીડિયોએ ઉઠાવ્યા સવાલો

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

આધુનિક યુગમાં પણ વિકાસની વાતો વચ્ચે વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાંથી વહીવટી તંત્રની ઉદાસીનતાનો એક હૃદયદ્રાવક કિસ્સો સામે આવ્યો છે. અહીં ગુતાલ એમપી વસાહતના રહીશો આજે પણ પાકા રસ્તા, પાણી જેવી મૂળભૂત સુવિધાઓ માટે વલખાં મારી રહ્યા છે.

તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક અંતિમયાત્રાનો વીડિયો વાયરલ થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. વીડિયોમાં કેટલાક લોકો ખૂંદતા ખૂંદતા નશ્વર દેહને કાદવ-કીચડ અને ગંદકીથી ભરેલા રસ્તા પરથી માંડ-માંડ લઈ જતા જોવા મળી રહ્યા છે. આ દૃશ્યો જોઈને કોઈનું પણ કાળજું કંપી ઉઠે તેવી સ્થિતિ છે. વાઘોડિયાની ગુતાલ વસાહતમાં મુખ્યત્વે આદિવાસી સમુદાયના અંદાજે 150થી વધુ પરિવારો રહે છે. કુલ વસ્તી આશરે 1200 જેટલી છે. આ વિસ્તારના લોકો છેલ્લા ઘણા સમયથી પાયાની સુવિધાઓથી વંચિત છે.



થોડા દિવસ પહેલા જ આ વસાહતમાં રહેતા 55 વર્ષીય માનકર મુકેશભાઈ ગણપતભાઈનું અકાળે અવસાન થયું હતું. ચોમાસાની શરૂઆત સાથે જ સ્મશાન તરફ જતો સમગ્ર કાચો માર્ગ સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે. રસ્તા પર ગંદા પાણી અને કાદવનું સામ્રાજ્ય હોવાને કારણે અહીં વાહન તો દૂર, સામાન્ય માણસ માટે પણ પગપાળા ચાલવું જોખમી બની ગયું છે. પરિણામે મૃતકના પાર્થિવ દેહને અંતિમ સંસ્કાર માટે લઈ જવામાં સગા-સંબંધીઓ અને ગામલોકોને ભારે કપરી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. સ્થાનિકોએ આક્ષેપ કર્યો કે વહીવટી તંત્રની ઘોર બેદરકારીના કારણે નાગરિકોને જીવતા તો ઠીક, પરંતુ મૃત્યુ બાદ પણ અંતિમ સફરમાં નરકાગાર જેવી યાતના સહન કરવી પડી રહી છે.

આ વીડિયો વાયરલ થતાં જ સ્થાનિક વહીવટી તંત્ર અને રાજકીય નેતાઓની કામગીરી સામે પ્રજાનો આક્રોશ ફાટી નીકળ્યો છે. લોકોનું કહેવું છે કે વર્ષોથી રજૂઆતો કરવા છતાં રસ્તા, ગટર અને અન્ય સુવિધાઓનું કોઈ નિરાકરણ આવ્યું નથી. ગામલોકોની સ્પષ્ટ માંગ છે કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સ્મશાન સુધીનો પાકો રસ્તો બનાવવામાં આવે અને ગુતાલ વસાહતને મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં આવે. અન્યથા આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ સ્થાનિકોએ આપી છે. આ ઘટનાએ એકવાર ફરી ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસના દાવાઓ અને વાસ્તવિકતા વચ્ચેનું અંતર દર્શાવ્યું છે.

નસવાડી જૂથ ગ્રામ પંચાયતમાં હોબાળો

## નસવાડી ગ્રામ પંચાયતના જન સંવાદમાં વિકાસ મુદ્દે લોકોનો ફૂટ્યો રોષ

**ગટર,** રસ્તા અને પાણીના પ્રશ્ને ગ્રામજનોનો ઉગ્ર વિરોધ; કાયમી ઉકેલની માંગ

(પ્રતિનિધિ) નસવાડી, તા.10

નસવાડી જૂથ ગ્રામ પંચાયત 12 વોર્ડ આવેલા છે અને 10 હજાર જેટલી વસ્તી આવેલી છે. જ્યારે નસવાડી જૂથ ગ્રામ પંચાયતની કચેરી ખાતે જન સંવાદ થી જન વિકાસનો કાર્યક્રમ મામલતદાર અધ્યક્ષસ્થાને રાખવામાં આવ્યો હતો. જેનો સમય તલાટી અને સરપંચએ ગ્રામજનોને 10 વાગ્યાંનો સમય પ્રચાર પસાર કરવામાં આવ્યો હતો. જેને લઈ



ગ્રામજનો પોતાની રજુવાતો લઈને સવારથી 10 વાગ્યે પોહચી ગયા હતા પરંતુ મામલતદાર ના આવતા દોઢ કલાક જેટલો સમય વીતી જતા પ્રજા હોલમાંથી બહાર નીકળવા લાગતા અચાનક જ મામલતદાર આવતા પ્રજા મામલતદારને કેમ મોડા આવ્યા અમને મૂર્ખ સમજો છો તેવા અનેક સવાલો કરતા મામલતદાર પ્રજાને કહેલ કે મને સમયની જાણ ન હતી હું તલાટી સરપંચને 11:30 વાગ્યાંની જાણ કરી હતી.

જેને લઇ રોષે ભરાયેલી પ્રજાએ મામલતદારનો ઉધડો લીધો હતો ત્યાં બાદ તંત્ર વચ્ચે તાલમેલનો અભાવ જોવા મળ્યો હતો. જ્યારે કાર્યક્રમની શરૂવાત થતા નસવાડીમાં આવેલ સાંઈનાથ સોસાયટીમાં વર્ષોથી ગટરની સમસ્યાથી લોકો હેરાન પરેશાન થતા રહીશો ગટરની સમસ્યા વિશે આક્રમક રજુઆત કરી કાયમી સમસ્યા હલ નહિ થાય તો રહીશોએ સરપંચને ગ્રામ પંચાયત કચેરીને તાળું મારવાની ચીમકી ઉચારી હતી. જ્યારે હાઈસ્કૂલમાં પાણી ભરાઈ છે તે વિશે પણ રજુવાત કરી હતી.

## સાંપા-બોડકા રોડ પર ગાંડા બાવળનું સામ્રાજ્ય, વાહનચાલકો મુશ્કેલીમાં

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે બ્રિજ નીચે વળાંક પર દૃશ્યતા ઘટતા અકસ્માતની ભીતિ

(પ્રતિનિધિ) કરજણ, તા.10

કરજણ તાલુકાના સાંપા અને બોડકા ગામને જોડતો માર્ગ, જે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેના બ્રિજ પાસેથી પસાર થાય છે, તે હાલ ગાંડા બાવળના અસહ્ય સામ્રાજ્ય હેઠળ દબાયેલો છે. આ માર્ગ પર બંને બાજુએ ગાંડા બાવળ એટલી હદે ફેલાઈ ગયા છે કે તે રસ્તાની મધ્ય સુધી પહોંચી ગયા છે, જેના કારણે વાહનચાલકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિ માત્ર અસુવિધાજનક જ નથી, પરંતુ



જીવલેણ અકસ્માતોને પણ નોતરી રહી છે.

ખાસ કરીને, બ્રિજ નીચે ઉતરતા તીવ્ર વળાંક પર ગાંડા બાવળનું આ સામ્રાજ્ય વધુ ઘાતક સાબિત થાય છે. વળાંક પર સામેથી આવતું વાહન સ્પષ્ટપણે દેખાતું ન હોવાથી અકસ્માતનો ભય સતત મંડરાયેલો રહે છે. ગ્રામજનો દાવો કરે છે કે આ ભયાવહ પરિસ્થિતિ હોવા છતાં, સંબંધિત તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. તેમની ફરિયાદ છે કે માર્ગ અને મકાન વિભાગ અને હાઈવે ઓથોરિટી એકબીજા પર જવાબદારી ઢોળી રહ્યા છે, જાણે કે આ "સરહદની લડાઈ" માં ગ્રામજનો પીસાઈ રહ્યા હોય.

આશ્ચર્યજનક રીતે, જો ગ્રામ પંચાયત આ બાવળોને દૂર કરવાનો પ્રયાસ કરે, તો "ઝાડ વેચી દીધા" ના આક્ષેપોનો ભય રહે છે. આ પરિસ્થિતિ દર્શાવે છે કે કેવી રીતે અમલદારશાહી અને જવાબદારીના અભાવે સામાન્ય નાગરિકોને હાલાકી ભોગવવી પડે છે. આ ગાંડા બાવળ માત્ર દૃશ્યતા ઘટાડતા નથી, પરંતુ માર્ગની જાળવણીમાં પણ અવરોધરૂપ બને છે. તે રસ્તાની સપાટીને નુકસાન પહોંચાડી શકે છે અને નાના વાહનો માટે જોખમ ઊભું કરી શકે છે. આ ઉપરાંત, આ બાવળ જૈવવિવિધતા માટે પણ હાનિકારક છે, કારણ કે તે સ્થાનિક વનસ્પતિને દબાવી દે છે.

## શિનોરની MGVCL કચેરીમાંથી ૮ફૂટલાંબાઅજગરનુંસફળરેસ્ક્યુ

**વીજ** વાયરો વચ્ચે ફસાયેલા અજગરને વાઇલ્ડ લાઇફ ટ્રસ્ટ માલસરની ટીમે સુરક્ષિત બહાર કાઢી જંગલમાં મુક્ત કર્યો

(પ્રતિનિધિ) શિનોર, તા. 10

વડોદરા જિલ્લાના શિનોર તાલુકા મથકે આવેલી MGVCL કચેરી ખાતે રાખેલા વીજ વાયરોની વચ્ચેથી આશરે 8 ફૂટ લાંબા અજગરનું વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ માલસર ભરત મોરે ની ટીમ દ્વારા સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.અને ત્યારબાદ અજગરને સુરક્ષિત રીતે પકડી જંગલમાં મુક્ત કરવામાં આવ્યો હતો.

શિનોર તાલુકા મથકે આવેલી



MGVCL કચેરી ખાતે રાખેલા વીજ વાયરોની વચ્ચે ગત રાત્રે લગભગ 10:30 વાગ્યાના અરસામાં આશરે 8 ફૂટ લાંબો અજગર જોવા મળ્યો હતો. અજગર દેખાતા કર્મચારીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો અને તાત્કાલિક શિનોર વન વિભાગને જાણ કરવામાં આવી હતી. વન વિભાગે વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ માલસરના ભરત મોરેની ટીમનો સંપર્ક કરતાં ટીમના સંજય ખત્રી અને અનિલ તડવી તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા.

ઢાઢર નદી કાંઠે વધતી દીપડાની હિલચાલથી ગ્રામજનો ચિંતિત

## પીગળવાડા ગામે દીપડાનો આતંક, તબેલામાં ઘૂસી વાછરડાનો કર્યો શિકાર

(પ્રતિનિધિ) કરજણ, તા.10

કરજણ તાલુકાના ઢાઢર નદી કિનારે આવેલા સરહદી ગામ પીગળવાડા ખાતે દીપડાના હુમલાની ગંભીર ઘટના સામે આવી છે. ગામના પશુપાલક મંજુલાબેન મહેશભાઈ ચૌહાણના માલિકીની જમીનમાં આવેલા તબેલામાં બાંધેલા ગાયના નાનાં વાછરડા પર રાત્રિના સમયે દીપડાએ હુમલો કરતાં વાછરડાનું કરુણ મોત નીપજ્યું છે.

મળતી માહિતી મુજબ, પીગળવાડા ગામમાં છેલ્લા ઘણા સમયથી રાત્રિના સમયે દીપડો દેખાતો હોવાની ગ્રામજનો દ્વારા વારંવાર ચર્ચા કરવામાં આવતી હતી. જોકે, અત્યાર સુધી કોઈ



જાનહાનિ કે પશુહાનિની ઘટના બની નહોતી. પરંતુ ગઈ રાત્રે દીપડો તબેલામાં ઘૂસી આવ્યો અને ગાયના વાછરડાને શિકાર બનાવવાના ઈરાદે હુમલો કર્યો. ઘરના સભ્યોએ બૂમાબૂમ કરતાં દીપડો ત્યાંથી ભાગી ગયો, પરંતુ તે પહેલાં વાછરડાને ગંભીર ઈજાઓ પહોંચાડતાં તેનું મોત નીપજ્યું હતું.

આ ઘટનાના પગલે સમગ્ર પીગળવાડા ગામમાં ભય અને દહેશતનો માહોલ ફેલાયો છે. ગ્રામજનોમાં પોતાના પશુધન તેમજ પરિવારની સુરક્ષાને લઈને ચિંતા વધી છે. ગ્રામજનોએ કરજણ વન વિભાગને ઘટનાની જાણ કરી દીધી છે અને ગામમાં દીપડાની હિલચાલ પર નજર રાખી જરૂરી કાર્યવાહી કરવા તેમજ પાંજરું ગોઠવી દીપડાને પકડવાની માંગ કરી છે.

ગ્રામજનોનું કહેવું છે કે ઢાઢર નદી કાંઠાના વિસ્તારમાં જંગલી પ્રાણીઓની અવરજવર વધતી જઈ રહી છે. વન વિભાગ દ્વારા તાત્કાલિક પેટ્રોલિંગ વધારી દીપડાને પકડવા માટે અસરકારક પગલાં લેવામાં આવે તેવી લોકોની માંગ ઉઠી છે.

## બોડેલીની ખત્રી વિદ્યાલયનો શેરી સફાઈ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 10

આજ રોજ ખત્રી વિદ્યાલય બોડેલી દ્વારા સંચાલિત રાષ્ટ્રીય સેવા યોજના (NSS) યુનિટના વિદ્યાર્થીઓ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે તાજેતરમાં એક મેગા શેરી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક વિસ્તારમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવાનો અને ધાર્મિક સ્થળોની પવિત્રતા જાળવવાનો હતો. આ અભિયાન હેઠળ NSS ના વિદ્યાર્થીઓની ટીમે સંજરી પાર્ક શાળાની ફરતે, જાહેર શેરીઓ અને મુખ્ય માર્ગોની સાફ-સફાઈ કરી હતી. આ સાથે જ, વિદ્યાર્થીઓએ શહેરના જાણીતા ધાર્મિક સ્થળના પરિસરમાં



શ્રમદાન કર્યું હતું, જેમાં સ્થળના આંગણા અને આસપાસના વિસ્તારોમાંથી કચરો એકત્રિત કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓએ સ્થાનિક દુકાનદારો અને રહીશોને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અને કચરો હંમેશા કચરાપેટીમાં જ નાખવા માટે માર્ગદર્શન આપ્યું હતું.NSS સ્વયંસેવકોએ પોતાના હાથમાં સાવરણી અને કચરાની ટોપલીઓ લઈને ઉમંગભેર સફાઈ કાર્ય કર્યું હતું.

## કરજણ-આમોદ રોડ પર ટ્રાફિક પોલીસની કડક ઝુંબેશ

(પ્રતિનિધિ) કરજણ, તા. 10

માર્ગ અકસ્માતો પર અંકુશ લાવવા અને ટ્રાફિક નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરવા કરજણ પોલીસે કરજણ-આમોદ રોડ પર મુંબઈ એક્સપ્રેસ હાઈવે નજીક વિશેષ ટ્રાફિક ચેકિંગ ડ્રાઈવ હાથ ધરી હતી. પોલીસે નિયમભંગ કરનાર વાહનચાલકો સામે લાલ આંખ કરતાં ઈ-ચલણની કાર્યવાહી કરી હતી.

ટ્રાફિક હેડ કોન્સ્ટેબલ ભૂપેન્દ્રભાઈ પાટણવાડિયા અને તેમની ટીમ દ્વારા પસાર થતા વાહનોની સઘન તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન વાહનચાલકોના ડ્રાઈવિંગ લાઈસન્સ, પીયુસી પ્રમાણપત્ર, વાહનના રજિસ્ટ્રેશન સહિત



અન્ય જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન જરૂરી દસ્તાવેજો વગર વાહન ચલાવતા તેમજ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો સામે આરટીઓના ઈ-ચલણ (મેમો) ફટકારવામાં આવ્યા હતા. પોલીસે વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અને તમામ જરૂરી દસ્તાવેજો સાથે રાખવા અપીલ પણ કરી હતી.

## શિનોર APMCમાં ચેરમેન-વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી



**ખેડૂતોના** હિતમાં પારદર્શક કામગીરીની ખાતરી આપી હતી

(પ્રતિનિધિ) શિનોર, તા. 10

શિનોર બજાર સમિતિ (APMC)માં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીમાં ભાજપના મેન્ડેડ મુજબ ચેરમેન પદે મુકેશભાઈ મોતીભાઈ પટેલ (બિરલા) તથા વાઈસ ચેરમેન પદે જયેશભાઈ રતિલાલભાઈ પટેલની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

બંને હોદ્દાની અઢી વર્ષની મુદત પૂર્ણ થતાં યોજાયેલી ચૂંટણીમાં પ્રદેશ ભાજપના મેન્ડેડ અનુસાર વડોદરા જિલ્લા ભાજપ મહામંત્રી જયદીપસિંહ ચૌહાણ અને બ્રિજેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને ડિરેક્ટરોને મેન્ડેડની જાણ કરી હતી. ત્યારબાદ બંને ઉમેદવારોની બિનહરીફ વરણી જાહેર કરવામાં આવી હતી.

વરણી બાદ ડિરેક્ટરો, કાર્યકરો અને શુભેચ્છકોએ નવા ચેરમેન તથા વાઈસ ચેરમેનનું ફૂલહાર પહેરાવી સ્વાગત કરી અભિનંદન પાઠવ્યા હતા. વિદાય લેતા ચેરમેન સચિન પટેલે જણાવ્યું હતું કે વર્ષ 2018માં તેમણે ચાર્જ સંભાળ્યો ત્યારે બજાર સમિતિ પર અંદાજે રૂ. 35 લાખનું દેવું હતું, જ્યારે આજે તેઓ નવા હોદ્દેદારોને રૂ. 2 કરોડથી વધુનું ભંડોળ સોંપી રહ્યા છે.

## બોડેલીમાં ડૉ. હેડગેવાર જન્મશતાબ્દી સેવા સમિતિ દ્વારા બ્યુટી પાર્લર પ્રશિક્ષણ કેન્દ્રનો પ્રારંભ

(પ્રતિનિધિ) બોડેલી, તા. 10

ડૉ. હેડગેવાર જન્મશતાબ્દી સેવા સમિતિ-વડોદરા દ્વારા બોડેલી ખાતે બ્યુટી પાર્લર પ્રશિક્ષણ કેન્દ્રનો શુભ પ્રારંભ કરાયું ડૉ. હેડગેવાર જન્મશતાબ્દી સેવા સમિતિ-વડોદરા દ્વારા છોટાઉદેપુર જિલ્લામાં સ્વાસ્થ્ય, શિક્ષણ, સામાજિક અને સ્વાવલંબનના ક્ષેત્રોમાં વિવિધ સેવાકાર્યો સફળતાપૂર્વક ચલાવવામાં આવી રહ્યા છે. આ સેવાકીય પ્રવૃત્તિઓના ભાગરૂપે આજે બોડેલી ખાતે સ્વાવલંબનના આયામ અંતર્ગત બ્યુટી પાર્લર પ્રશિક્ષણ કેન્દ્રનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો કાર્યક્રમનું આયોજન શ્રી રાજપૂત સમાજ વાડી, બોડેલી ખાતે કરવામાં આવ્યું હતું. શ્રી રાજપૂત સમાજ ઉત્કર્ષ મહિલા આયામના પ્રમુખ શ્રીમતી ચંદ્રકુવરબા તથા શ્રી નરેન્દ્રભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

રાત્રે વરસાદી પાણીથી ખાડા છુપાતા અનેક વાહનો પટકાયા

## પલાસણી બ્રિજ બન્યો અકસ્માતનું કેન્દ્ર, સ્લેબમાં પડેલા ખાડાથી વાહનચાલકો પરેશાન

(પ્રતિનિધિ) નસવાડી, તા.10

નસવાડી થી કવાંટ રોડ છોટાઉદેપુર સહીત અન્ય વિસ્તારોને જોડતો મુખ્ય માર્ગ છે અને રસ્તા ઉપર હરરોજ હજારો વાહનો પસાર થાય છે હાલ તમામ અન્ય રસ્તાઓ બ્રિજના કારણે ભારદારી વાહનો માટે બંધ કરી દીધા છે આ રસ્તા ઉપર જ વાહન વ્યવહાર ધમધમે છે ત્યારે પલાસણી ગામે પાસે એક બ્રિજ આવેલું છે તે બ્રિજના સ્લેબના કોક્રેટમાં ખાડા પડી જતા વરસાદી પાણી ત્યાં ભરાઈ રહ્યું હોવાથી વાહન વ્યવહાર ઉપર ગંભીર અસર પડે છે વરસાદી પાણી ભરાવાથી ખાડાઓનો અંદાજો વાહનચાલકોને રહેતો નથી જેના કારણે વાહન ચાલકો



ખાડાઓમાં પટકાઈ રહ્યા છે આ રસ્તા ઉપર અગાઉ પણ અનેક અકસ્માતો થયાં છે અને કેટલાક લોકો ભોગ બન્યા છે છતાંય સ્ટેટ આર એન્ડ બીના અધિકારીઓની ઊંઘ ઊડતી નથી જયારે હાલ આ બ્રિજ ઉપરથી ભારદારી વાહનો અસંખ્ય પસાર થતા હોવાથી બ્રિજ જર્જરિત હોવાથી વાહન ચાલકોને જીવનુ જોખમ રહેલું છે જયારે આ બ્રિજના કોર કટિંગના સેમ્પલો લઈ સ્લેબના કોકેટ અને બ્રિજની ગુણવતાની ચકાસણી થાય તે જરૂરી બન્યું છે આગામી દિવસોમાં બ્રિજ ધરાશય થાય તે તેનો જવાબદાર કોણ તેવા પ્રશ્નો ઉઠ્યા છે હાલ તો તંત્રના અધિકારીઓ ઊંઘ રહ્યા છે કોઈ મોટી દુર્ઘટના સર્જાશે ત્યારે કાગળો ઉપર અધિકારીઓ ખુલાસો આપે તેની રાહ જોઈ રહ્યા છે.

## રાઠી સ્ટીલ એન્ડ પાવરની પ્રથમ ત્રિમાસિકમાં મજબૂત કામગીરી

વડોદરાઃ રાઠી સ્ટીલ એન્ડ પાવર લિમિટેડે નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિકમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે. કંપનીનું કુલ સેલ્સ વોલ્યુમ 28,372 મેટ્રિક ટન રહ્યું, જે ગયા વર્ષના સમાન ગાળાના 21,864 મેટ્રિક ટનની સરખામણીએ લગભગ 30 ટકા વધુ છે. આ સાથે કંપનીની આવક 193 કરોડને વટાવી ગઈ, જે વાર્ષિક ધોરણે 24 ટકાથી વધુની વૃદ્ધિ દર્શાવે છે. કંપનીના જણાવ્યા મુજબ સ્ટેનલેસ સ્ટીલ લોંગ પ્રોડક્ટ્સ અને એમએસ ટીએમટી રીબાર્સમાં વધતી માંગ તેમજ વિસ્તરતી બજાર પહોંચના કારણે આ મજબૂત પરિણામો પ્રાપ્ત થયા છે. ખાસ કરીને ટીએમટી રીબાર સેગમેન્ટમાં વેચાણ 8,295 મેટ્રિક ટનથી વધીને 18,677 મેટ્રિક ટન થયું, જે કંપનીની વૃદ્ધિમાં મુખ્ય ફાળો સાબિત થયું.

**જાહેર નોટિસ** સુશ્રી સી.આર. પઢિયાર મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કરજણની કોર્ટ

જન્મ મરણ / નોંધણી / અરજી નં.૪૦ / ૨૦૨૬

અરજદાર :- તલાવીયા સીતાબેન કાંતિભાઈ તે રાઠોડિયા કનુભાઈની દીકરી
રહે રાઠોડિયા વાસ, જાંબુવા, તા.જી.વડોદરા

સામાવાળા :- જન્મ-મરણ નોધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી
અણસ્તુ ગ્રામ પંચાયત તા.કરજણ, જી.વડોદરા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી, અરજદારશ્રીના કાકીશ્રી રાઠોડીયા લલીતાબેન સોમાભાઈનું મરણ તા.૦૩/૦૪/૨૦૧૬ ના રોજ મોજે-અણસ્તુ, તા.કરજણ, જિ.વડોદરા મુકામે થયેલ,પરંતુ જે તે સમયે તેઓની મરણની નોંધણી જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી અણસ્તુ ગ્રામ પંચાયતની કચેરીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, મરણની નોંધ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે રજૂ કરવો, અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

**મામલતદાર અને**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કરજણ**

**જાહેર નોટિસ** સુશ્રી સી.આર. પઢિયાર મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કરજણની કોર્ટ

જન્મ મરણ / નોધણી / અરજી નં.૩૪ / ૨૦૨૬

અરજદાર :- દાઉદભાઈ મુસા હસન લાખા રહે ઢાંઢિયા સ્ટ્રીટ સાંસરોદ, તા. કરજણ, જી. વડોદરા

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી
કરજણ ગ્રામ પંચાયત તા.કરજણ, જી.વડોદરા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૧૯ની કલમ-૧૩(૩) બેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી, દાઉદભાઈ મુસા હસને લાખાનું જન્મ તા.૦૧/૦૬/૧૯૫૩ ના રોજ મોજે-કરજણ, તા.કરજણ, જિ.વડોદરા મુકામે થયેલ,પરંતુ જે તે સમયે તેઓની જન્મની નોંધણી જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી કરજણ ગ્રામ પંચાયતની કચેરીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે રજૂ કરવો, અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

**મામલતદાર અને**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કરજણ**

**જાહેર નોટિસ** સુશ્રી સી.આર. પઢિયાર મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કરજણની કોર્ટ

જન્મ મરણ / નોંધણી / અરજી નં.૩૯ / ૨૦૨૬

અરજદાર :- તલાવીયા સીતાબેન કાંતિભાઈ તે રાઠોડિયા કનુભાઈની દીકરી
રહે રાઠોડિયા વાસ, જાંબુવા, તા.જી.વડોદરા

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી
અણસ્તુ ગ્રામ પંચાયત તા.કરજણ, જી.વડોદરા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી, અરજદારશ્રીના ભાઈશ્રી રાઠોડીયા રમણભાઇ જીણાભાઈનું મરણ તા. ૧૦/૦૬/૨૦૧૧ ના રોજ મોજે-અણસ્તુ, તા.કરજણ, જિ.વડોદરા મુકામે થયેલ,પરંતુ જે તે સમયે તેઓની મરણની નોંધણી જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી અણસ્તુ ગ્રામ પંચાયતની કચેરીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, મરણની નોંધ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે રજૂ કરવો, અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

**મામલતદાર અને**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કરજણ**

**જાહેર નોટિસ** સુશ્રી સી.આર. પઢિયાર મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કરજણની કોર્ટ

જન્મ મરણ / નોંધણી / અરજી નં.૪૧ / ૨૦૨૬

અરજદાર :- તલાવીયા સીતાબેન કાંતિભાઈ તે રાઠોડિયા કનુભાઈની દીકરી
રહે રાઠોડિયા વાસ, જાંબુવા, તા.જી.વડોદરા

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી
અણસ્તુ ગ્રામ પંચાયત તા.કરજણ, જી.વડોદરા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી, અરજદારશ્રીના કાકીશ્રી રાઠોડીયા સદાબેન જીણાભાઈનું મરણ તા.૦૫/૧૦/૨૦૦૧ ના રોજ મોજે-અણસ્તુ, તા.કરજણ, જિ.વડોદરા મુકામે થયેલ,પરંતુ જે તે સમયે તેઓની મરણની નોધણી જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી અણસ્તુ ગ્રામ પંચાયતની કચેરીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે રજૂ કરવો, અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

**મામલતદાર અને**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કરજણ**

**જાહેર નોટિસ** સુશ્રી સી.આર. પઢિયાર મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કરજણની કોર્ટ

જન્મ મરણ / નોંધણી / અરજી નં.૪૨ / ૨૦૨૬

અરજદાર :- તલાવીયા સીતાબેન કાંતિભાઈ તે રાઠોડિયા કનુભાઈની દીકરી
રહે રાઠોડિયા વાસ, જાંબુવા, તા.જી.વડોદરા

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી
અણસ્તુ ગ્રામ પંચાયત તા.કરજણ, જી.વડોદરા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી, અરજદારશ્રીના દીકરો રાઠોડીયા જશભાઇ સોમાભાઈનું મરણ તા.૦૮/૦૨/૨૦૧૬ ના રોજ મોજે-અણસ્તુ, તા.કરજણ, જિ.વડોદરા મુકામે થયેલ, પરંતુ જે તે સમયે તેઓની મરણની નોંધણી જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી ક્રમ મંત્રીશ્રી અણસ્તુ ગ્રામ પંચાયતની કચેરીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, મરણની નોંધ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે રજૂ કરવો, અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

**મામલતદાર અને**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કરજણ**